**GU & JIO A.D. Shodhan UPSC Coaching Centre**
Gujarat University Campus, Ahmedabad-380009.
http://gujioupsc.in/

તા. ૨૭/૦૭/૨૦૨૦

પ્રતિ
તંત્રી શ્રી

**વિષય** : ગુજરાત યુનિવર્સિટી & જૈન ઇન્ટરનેશનલ સંસ્થાન એ. ડી. શોધન યુપીએસસી કોચિંગ સેંટર અંતર્ગત કોચિંગ માટે ઓનલાઇન પરીક્ષા ના ફ્રોર્મ ભરવા બાબત.

નમસ્કાર,

ગુજરાત યુનિવર્સિટી અંતર્ગત ગુજરાત ના વિદ્યાર્થીઓ IAS/IPS બને અને ઉચ્ચ પદવી હાંસલ કરે તે હેતુ થી આ વર્ષ ૨૦૨૦ થી ગુજરાત યુનિવર્સિટી & જૈન ઇન્ટરનેશનલ સંસ્થાન એ. ડી. શોધન યુપીએસસી કોચિંગ સેંટર શૂરું કરવામાં આવેલ છે. આ ગુજરાત યુનિવર્સિટી & જૈન ઇન્ટરનેશનલ સંસ્થાન એ. ડી. શોધન યુપીએસસી કોચિંગ સેંટર અંતર્ગત ૨૦૨૦ માં ૨૦૦ વિદ્યાર્થીઓ ને પ્રવેશ આપી એક વર્ષ માટે કોચિંગ અપાશે.

ગુજરાત યુનિવર્સિટી & જૈન ઇન્ટરનેશનલ સંસ્થાન એ. ડી. શોધન યુપીએસસી કોચિંગ સેંટર જૈન મહારાજ સાહેબ પ. પુ. નયનપદ્મ અને પ. પુ. મૈયાણા મહાસતીજીની પ્રેરણા અને આશીર્વાદ ગુજરાત યુનિવર્સિટી ખાતે શરૂ કરવામાં આવેલ છે.

ગુજરાત યુનિવર્સિટી & જૈન ઇન્ટરનેશનલ સંસ્થાન એ. ડી. શોધન યુપીએસસી કોચિંગ સેંટરની વિશેષતા એ છે કે ગુજરાત યુનિવર્સિટી અંતર્ગત ગુજરાતના વિદ્યાર્થીઓ યુપીએસસી નું કોચિંગ મળે તે માટે ગુજરાત યુનિવર્સિટી દ્વારા સંચાલિત ભવનમાં જૈન ઇન્ટરનેશનલ સંસ્થાન તરફથી ભારતના સર્વશ્રેષ્ઠ સાત સંસ્થાઓ માંથી યુપીએસસીના શ્રેષ્ઠ તજજ્ઞો ગુજરાત યુનિવર્સિટી માં આ વિદ્યાર્થીઓને ભણાવશે. ગુજરાત યુનિવર્સિટી અને જૈન ઇન્ટરનેશનલ સંસ્થાન દ્વારા સંયુક્ત પણે વિદ્યાર્થીઓને બેસ્ટ કોચિંગ અને બેસ્ટ ફેસેલિટી મળે તે હેતુથી આ ભવન શરૂ કરવામાં આવેલ છે. ગુજરાત યુનિવર્સિટી & જૈન ઇન્ટરનેશનલ સંસ્થાન એ. ડી. શોધન યુપીએસસી કોચિંગ સેંટરનો ઉદેશ્ય એ છે કે ગુજરાતના વિદ્યાર્થીઓ યુપીએસસી પરીક્ષા પાસ કરી IAS/IPS બને અને શ્રેષ્ઠ હોદાઓ પર પોતાનું સ્થાન અંકિત કરે.

ચાલુ વર્ષ ૨૦૨૦ અંતર્ગત નવા અભ્યાસ પામેલ વિદ્યાર્થીઓને કોચિંગમાં પ્રવેશ માટે એક પ્રવેશ પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ છે. આ પરીક્ષા સંપૂર્ણ ઓનલાઇન રહેશે. આ ઓનલાઇન પરીક્ષા ૨૦૦ માર્ક્સની રહેશે. આ પ્રવેશ પરીક્ષા અંતર્ગત સ્નાતક કક્ષાના છેલ્લા વર્ષની પરીક્ષા આપેલ હોય અથવા તો તેનાથી ઉપરના કોઈપણ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ આ પ્રવેશ પરીક્ષા આપી શકે છે.
આ કોચિંગ સેવાનો લાભ મેળવવા ગુજરાતના વિદ્યાર્થીઓને અપીલ કરવામાં આવે છે કે ઉત્સાહ પૂર્વક યુપીએસસી પરીક્ષા પાસ કરી IAS/IPSબનવા આગળ આવે અને બેસ્ટ કોચિંગ મેળવવા માટે ગુજરાત યુનિવર્સિટી & જૈન ઇન્ટરનેશનલ સંસ્થાન એ. ડી. શોધન યુપીએસસી કોચિંગ સેંટરની કોચિંગ માટેની પ્રવેશ પરીક્ષા પાસ કરી કોચિંગ મેળવે. એક વર્ષ માટે પ્રવેશ પરીક્ષા માટે એટલે કે યુપીએસસી પ્રિલીમ્સ અને મેઇન્સ પરીક્ષા માટે સંપૂર્ણ તેમજ સઘન તાલીમ આપવામાં આવશે. પ્રવેશ પરીક્ષાની માહિતી નીચે મુજબ છે.

**<u>પ્રવેશ પરીક્ષાની માહિતી</u>**

- ફોર્મ ભરવાની તારીખ : ૩૦-૦૭-૨૦૨૦ થી ૧૦-૦૮-૨૦૨૦
- પ્રવેશ પરીક્ષાની તારીખ : ૩૦-૦૮-૨૦૨૦
- પરીક્ષાનું પરિણામ : ૦૨-૦૯ -૨૦૨૦
- ઇન્ટરવ્યુની તારીખ : ૧૦-૦૯-૨૦૨૦ થી ૨૦-૦૯-૨૦૨૦
- ક્લાસ ચાલુ થવાની તારીખ : ૦૫-૧૦-૨૦૨૦

આ પ્રવેશ પરીક્ષા માટે ઓનલાઇન ફોર્મની વ્યવસ્થા કરવામાં આવેલ છે જે ગુજરાત યુનિવર્સિટી & જૈન ઇન્ટરનેશનલ સંસ્થાન એ. ડી. શોધન યુપીએસસી કોચિંગ સેંટરની વેબસાઇટ http://gujioupsc.in/ પર મૂકવામાં આવેલ છે. ગુજરાતના તમામ ગ્રેજ્યુએટની છેલ્લા વર્ષની પરીક્ષા આપેલ તેનાથી ઉપરના કોઈપણ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓને ફુલ ટાઈમ કોચિંગ મેળવવા પ્રવેશ મેળવવાની ઈચ્છા હોય તો આ લિન્ક પર જઈને પોતાનું એડમીશન ફોર્મ ભરી શકે છે.
આ સેન્ટરમાં વિદ્યાર્થીઓને વાંચવા માટે પુસ્તકાલયની પણ વ્યવસ્થાકરવામાં આવેલ છે. જે વિદ્યાર્થીઓ માટે સતત કાર્યરત છે. તેમજ વિદ્યાર્થીઓ માટે યોગ્ય lodging અને boarding ની વ્યવસ્થા કરેલી છે.

**ગુજરાત યુનિવર્સિટી અને જૈન ઇન્ટરનેશનલ સંસ્થાન એ. ડી. શોધન યુ.પી.એસ.સી. કોચિંગ સેંટરને સફળ બનાનવવા માટે માન.શ્રીમતી અંજુ શર્મા, (IAS), ચેર પર્સન(અગ્ર સચિવ, ગુજરાત સરકાર ), માન. કુલપતિ શ્રી ડૉ. હિમાંશુ પંડયા , માન. શ્રી કે. કે. નિરાલા, (IAS), માન. શ્રી એમ. નાગરાજન, (IAS) તથા તેમજ જૈન ઇન્ટરનેશનલ સંસ્થાન ના પ્રેસિડેન્ટ શ્રી ઘેવરચંદ બોહરા, એક્સિક્યુટિવ ડાયરેક્ટર શ્રી સંજયભાઇ જૈન અને કેન્દ્ર-પ્રભારી વગેરે ભારે જહેમત ઉઠાવી રહ્યા છે અને તેમના જ સઘન પ્રયત્નોથી ગુજરાત યુનિવર્સિટી અને જૈન ઇન્ટરનેશનલ સંસ્થાન એ. ડી. શોધન યુ.પી.એસ.સી. કોચિંગ સેંટર ખૂબ જ સારી રીતે કાર્યરત છે.**

ડૉ. ગુરુદત્ત પી. જપ્પી
કો-ઓર્ડીનેટર,
ગુજરાત યુનિવર્સિટી અને જૈન ઇન્ટરનેશનલ સંસ્થાન એ. ડી. શોધન યુ.પી.એસ.સી. કોચિંગ સેંટર, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા ગુજરાત યુનિવર્સીટી શાખા ની બાજુમાં, લાઈબ્રેરી ની સામે , નવરંગપુરા, અમદાવાદ – ૩૮૦૦૦૯